Seat No. : ______________

# MG-109

**March-2019**

**B.Com., Sem.-I**

**103 : Accountancy-I**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) ઓસ્ટિનની પ્રાર્થના એન્ડ કંપની એ ડલાસના માર્મિક બ્રધર્સને ₹ 300ની કિંમતના એક એવા 2000 બેગ આડતથી વેચવા મોકલે છે. પ્રાર્થના એન્ડ કંપની નૂરના ₹ 40,000 મજૂરીના ₹ 4,000 અને વીમા ખર્ચના ₹ 4,000 ચૂકવે છે. રસ્તામાં આગ લાગતાં 200 બેગ્સ સંપૂર્ણ નાશ પામ્યાં. આ અંગે વીમા કંપની એ ₹ 24,000નો દાવો મંજૂર રાખ્યો. બાકીની બેગ્સ માર્મિક બ્રધર્સ ₹ 54,000 જકાત અને અન્ય ચાર્જ ચૂકવી છોડાવી લીધા.

આડતિયાએ પ્રાર્થના એન્ડ કંપની એ લખેલી ₹ 2,00,000ની 3 માસની હૂંડી સ્વીકારી. બે મહિના પછી આડતિયાએ વેચાણ આંકડો મોકલ્યો, જે મુજબ તેમણે 1600 બેગ્સ નું ₹ 500ના ભાવે વેચાણ કર્યું હતું. માર્મિક બ્રધર્સે ગોડાઉન ભાડું, જાહેરાત વગેરેના ₹ 12,000 ચૂકવ્યા હતા. આડતિયાને વેચાણ પર 10% આડત આપવાની છે.

ઉપરની વિગત ઉપરથી માલધણીના ચોપડે આડત માલખાતું તૈયાર કરો. **14**

**અથવા**

(i) ₹ 20,000ની કિંમતનો માલ અ એ બ ને આડતથી વેચવા માટે મોકલ્યો અને તે અંગે ₹ 2,000 ખર્ચના ચૂકવે છે. રસ્તામાં ₹ 4,000નો માલ બળી ગયો અને વીમા કંપનીએ ₹ 3,000નો દાવો મંજૂર રાખ્યો. અસામાન્ય નુકશાન શોધો અને વર્ષને અંતે 25% માલ આખર સ્ટોકમાં હોય તો તેની કિંમત શોધો. **7**

(ii) સાદી આડત અને આસામી આડત વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. **7**

(B) આપેલા જવાબના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો. (કોઈપણ **ચાર**) **4**

(1) અસામાન્ય નુકશાન ______ ખાતે ઉધારવામાં આવે છે.

(A) સામાન્ય નફા નુકશાન (B) આડત માલ

(C) આડતિયા (D) વીમા કંપની

(2) આડતિયાએ પોતે ખરીદી લીધેલા માલ ઉપર ______ આડત ચૂકવાય છે.

(A) સાદી (B) આસામી

(C) વધારાની (D) વેપારી

(3) આડતિયાએ જાહેરાત માટે ₹ 10,000નો માલ નમૂના તરીકે આપેલ હોય તો ______ ઉધાર અને જમા બંને બાજુ લખાશે

(A) આડત માલ ખાતે

(B) માલધણી ખાતે

(C) આડતિયા ખાતે

(D) વેચાણ ખાતે

(4) આડતથી માલ વેચવા માટે મોકલેલ હોય ત્યારે તે માલની રકમ માલધણીના ચોપડામાં ______ ઉધારાય છે.

(A) આડત માલ ખાતે

(B) આડતિયા ખાતે

(C) વેચાણ ખાતે

(D) માલધણીના ખાતે

(5) આસામી આડત ન આપવામાં આવી હોય અને ઉધાર વેચાણ અંગે ઘાલખાધ પડે ત્યારે આડતિયાના ચોપડામાં ______ ખાતું ઉધારાશે.

(A) માલધણીનું (B) દેવાદારોનું

(C) કમિશનનું (D) ઘાલખાધ અનામત

(6) માલધણી એ આડતિયા પર લખેલી હૂંડી આડતિયો સ્વીકારે ત્યારે માલધણીના ચોપડામાં ______ ખાતું જમા થશે.

(A) આડતિયાનું (B) આડત માલનું

(C) દેવીહૂંડીનું (D) લેણીહૂંડી

2. (A) 31/03/2018ના રોજ પૂરા થતા વર્ષના શાખા ખાતા ઉપરથી શાખાનું વેપારખાતું અને નફા નુકશાન ખાતું તૈયાર કરો : **14**

**ઉધાર** **શાખા ખાતું** **જમા**

| વિગત | | ₹ | વિગત | | ₹ |
|---|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા : (1/4/2017) | | | શાખાએ પરત કરેલ માલ | | 30,000 |
| સ્ટૉક | 61,200 | | રોકડ ખાતે (વેચાણ) | | 4,11,000 |
| રોકડ | 3,000 | | રોકડ ખાતે (પરચૂરણ આવક) | | 2,700 |
| પેટા રોકડ | 120 | | બાકી આગળ લાવ્યા : | | |
| ફર્નિચર | 9000 | 73,320 | (31/3/2018) | | |
| શાખાને મોકલેલ માલ | | 3,60,000 | સ્ટૉક | 48,000 | |
| રોકડ ખાતે (પેટા રોકડ) | | 210 | રોકડ | 3,000 | |
| રોકડ ખાતે (ખર્ચાઓ) | | | પેટા રોકડ | 60 | |
| મજૂરી | 600 | | ફર્નિચર | 8,250 | 59,310 |
| પગાર | 9,000 | | | | |
| ભાડુ | 4,500 | | | | |
| જાહેરાત | 1,200 | 15,300 | | | |
| નફા સા.નુ. નું ખાતે | | 54,180 | | | |
| | | **5,03,010** | | | **5,03,010** |

**અથવા**

(i) સ્વતંત્રશાખા અને પરતંત્રશાખા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. **7**

(ii) આંતર-શાખા વ્યવહારો પર ટૂંકનોંધ લખો. **7**

(B) દરેક પ્રશ્નના જવાબ માટે આપેલ વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો. (કોઈપણ **ચાર**) **4**

(1) શાખાખાતું એ ______ પ્રકારનું ખાતું છે.

(A) વ્યક્તિગત (B) માલમિલકત

(C) ઉપજ-ખર્ચ (D) આમાંનું એકપણ નહિ

(2) સ્વતંત્ર શાખા માટે મુખ્ય ઑફિસનું ખાતું______ ખાતા જેવું છે.

(A) મૂડી (B) નફા-નુકશાન

(C) માલ-મિલકત (D) ઉપજ-ખર્ચ

(3) દેવાદાર પાસેથી પ્રાપ્ત થયેલ ઉઘરાણી શોધવા માટે ______ ખાતું તૈયાર કરવામાં આવે છે.

(A) દેવાદારોનું (B) ઉધાર વેચાણનું

(C) રોકડ અને બેન્કનું (D) શાખા

(4) મુખ્ય ઑફિસ માલની મૂળકિંમત પર 25% નફો ચઢાવીને ભરતિયા કિંમતે શાખાને માલ મોકલે છે. તેથી ભરતિયા કિંમત પર નફાના ______ ગણાશે.

(A) 20% (B) 25%

(C) 30% (D) 50%

(5) શાખાએ કરેલો પરચૂરણ ખર્ચ ______ ખાતેથી ચૂકવાય છે.

(A) પેટારોકડ (B) રોકડ

(C) બેંક (D) લેણદારોના

(6) શાખા દ્વારા માર્ગસ્થ રોકડ ______ ખાતે જમા કરવામાં આવે છે.

(A) મુખ્ય ઑફિસ (B) રોકડ

(C) શાખા (D) બેંક

3. (A) નીચેની વિગતોના આધારે પારિમાણિક નુકશાનના દાવાની રકમની ગણતરી કરો. **14**

(1) 1/01/2018ના રોજ આગ લાગી.

(2) ધંધો 30/04/2018 સુધી ખોરવાઈ ગયો.

(3) વીમાની રકમ ₹ 80,000.

(4) બાંયધરીનો સમય 6 માસ.

(5) તા. 30 મી સપ્ટેમ્બર 2017ના રોજ પૂરા થતાં વર્ષનો ચોખ્ખો નફો (₹ 16,000 સ્થિર ખર્ચા ઉધાર્યા પછીનો) ₹ 50,000 હતો. ત્યારે તે જ સમયનું વેચાણ ₹ 3,30,000 હતું.

(6) 31/12/2017ના રોજ પૂરા થતા વર્ષનું વેચાણ ₹ 3,20,000 હતું.

(7) ધંધો ખોરવાઈ ગયો તે સમય દરમિયાનનું વેચાણ ₹ 80,000 હતું. ત્યારે આગલા વર્ષ દરમિયાન 31/12 થી 30 મી એપ્રિલ સુધીનું વેચાણ ₹ 1,30,000 હતું.

**અથવા**

(i) શરૂનો સ્ટોક ₹ 27,000, ખરીદી ₹ 1,65,000, વેચાણ ₹ 2,40,000, બચાવેલ માલ ₹ 7,000 અને કાચા નફાનો દર પડતર પર 50% હોય તો આગથી બળી ગયેલ માલની કિંમત ગણો. **7**

(ii) 'સરેરાશ કલમ' ટૂંકનોંધ લખો. **7**

(B) આપેલા પ્રશ્નોના જવાબના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો. (કોઈપણ ત્રણ) **3**

(1) આગનો વીમો ______ ને રક્ષણ આપે છે.

(A) વાસ્તવિક મિલકતો (B) અવાસ્તવિક મિલકતો

(C) અદૃશ્ય મિલકતો (D) કર્મચારીઓ

(2) નફાના નુકશાનની પોલિસીમાં સરેરાશ કલમ ______ ને રક્ષણ પુરુ પાડે છે.

(A) વીમો ઉતરાવનાર (B) વીમો લેનાર

(C) કામદારો (D) બધા જ

(3) વીમા પોલિસીમાં સરેરાશ કલમનો સમાવેશ ______ ને નિરુત્સાહ કરે છે.

(A) અલ્પ વીમો (B) અતિ વીમો

(C) સરેરાશ વીમો (D) એકપણ નહિ

(4) પ્રમાણ વેચાણ અને બાંયધરી ગાળા દરમિયાનના ખરેખર વેચાણ વચ્ચેના તફાવતને ______ કહે છે.

(A) ગુમાવેલ વેચાણ (B) ગુમાવેલ ખરીદી

(C) કાચો નફો (D) નફો

(5) નફા-નુકશાનની પોલિસી ______ નુકશાન ભરપાઈ કરવાની બાંયધરી આપે છે.

(A) મહેસૂલી (B) મૂડી

(C) અંદાજી (D) એકપણ નહિ

4. (A) દેવ પોતાના હિસાબો એકનોંધી પદ્ધતિ પ્રમાણે રાખે છે. નીચેની વિગતો પરથી 31/3/2018ના રોજ પૂરા થતા વર્ષનું વેપારખાતું, નફા-નુકશાનખાતું અને તે જ તારીખનું પાકુ સરવૈયું તૈયાર કરો. **14**

રોકડમેળનો સારાંશ :

| | ₹ | | ₹ |
|---|---|---|---|
| હાથ પર રોકડ (1/4/2017) | 9,600 | રોકડ ખરીદી | 15,000 |
| દેવાદારો પાસેથી મળ્યા | 2,20,000 | પગાર | 27,000 |
| રોકડ વેચાણ | 18,000 | મજૂરી | 12,500 |
| પરચૂરણ આવક | 2,700 | સામાન્ય ખર્ચ | 7,600 |
| લેણદારોને ચૂકવ્યા | 1,36,000 | ઉપાડ | 10,000 |

મિલકત અને દેવાની બાકીઓ :

| વિગત | 1/4/2017<br>₹ | 31/3/2018<br>₹ |
|---|---|---|
| મકાન | 36,000 | 50,000 |
| ફર્નિચર | 9,000 | 6,000 |
| યંત્રો | 50,000 | 50,000 |
| દેવાદારો | 64,000 | 56,000 |
| લેણદારો | 26,000 | 42,000 |
| સ્ટૉક | 41,000 | 53,000 |

વધારાની માહિતી :

(1) વર્ષ દરમિયાન ₹ 3,200નો વટાવ આપવામાં આવ્યો છે.

(2) ₹ 1,800નો વટાવ મળ્યો છે ?

(3) ₹ 800 નો વેચેલો માલ પાછો આવ્યો હતો અને ₹ 2,000નો ખરીદેલ માલ પરત કરેલો.

(4) મકાન અને ફર્નિચર પર અનુક્રમે ₹ 3,000 અને ₹ 600 ઘસારો ગણો.

(5) દેવાદારો ઉપર 5% ઘાલખાધ અનામત રાખો.

(6) મૂડી ઉપર 5% વ્યાજ ગણવાનું છે.

**અથવા**

(i) એકનોંધી પદ્ધતિ અને દ્વિનોંધી પદ્ધતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. **7**

(ii) નીચેની વિગતો પરથી વેચેલ માલની પડતર, કાચો નફો અને વેચાણ શોધો. **7**

| | |
|---|---|
| શરૂઆતનો સ્ટૉક | ₹ 60,000 |
| ખરીદી | ₹ 2,20,000 |
| આખરનો સ્ટૉક | ₹ 80,000 |

કાચો નફો વેચાણના 20%

(B) આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો. (કોઈપણ ત્રણ) **3**

(1) મૂડી પર વ્યાજ ______ મૂડી પર ગણાય છે.

(A) શરૂઆતની (B) આખરની

(C) ભારિત સરેરાશ (D) સરેરાશ

(2) રોકડ ખરીદી કે રોકડ વેચાણ શોધવા માટે ______ ખાતું તૈયાર કરવામાં આવે છે.

(A) રોકડ (B) દેવાદારોનું

(C) લેણદારોનું (D) વેપારખાતું

(3) ઘાલખાધ પરત ______ ખાતે જમા કરવામાં આવે છે.

(A) નફા-નુકશાન (B) દેવાદારોના

(C) લેણદારોના (D) રોકડ

(4) શરૂઆતનું સ્થિતિદર્શક પત્રક ______ શોધવા તૈયાર કરવામાં આવે છે.

(A) શરૂઆતની મૂડી (B) નફો-નુકશાન

(C) રોકડ (D) મિલકતો

(5) આખર સ્ટોક શોધવા માટે ______ ખાતું બનાવામાં આવે છે.

(A) વેપાર (B) દેવીહૂંડીનું

(C) લેણીહૂંડીનું (D) નફા-નુકશાન

Seat No. : ______________

# MG-109

**March-2019**

**B.Com., Sem.-I**

**103 : Accountancy-I**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (A) Prathana & Co. of Austin consigned 2000 bags at ₹ 300 to Marmik Bros. of Dallas. Prathana & Co. paid ₹ 40,000 for freight, ₹ 4,000 for wages and ₹ 4,000 for insurance. 200 bags were destroyed by fire in transit and the insurance co. accepted a claim of ₹ 24,000 only. Marmik Bros. took delivery of the remaining bags and paid ₹ 54,000 for custom duties and other charges.

The consignee accepted a bill of ₹ 2,00,000 drawn by the consignor for 3 months. The consignee sent an Account Sale after two months starting that he has sold 1600 bags at ₹ 500. He had paid ₹ 12,000 for advertisement and other selling expenses. The consignee is entitled to a commission of 10% on gross sale proceeds.

Prepare consignment Account in the book of the consignor. **14**

**OR**

(i) A consigned goods of ₹ 20,000 to B and pays ₹ 2,000 for sale. Goods worth ₹ 4,000 was burnt in transit and the insurance company accepted a claim of ₹ 3,000. Calculate the abnormal loss. Also calculate the value of closing stock, if 25% of the goods are lying unsold. **7**

(ii) Distinguish between commission and Del credere commission. **7**

(B) Select the correct answer from the options given for questions : (Any **four**) **4**

(1) The abnormal loss is debited to ______ account.

(A) General Profit & Loss A/c. (B) Consignment

(C) Consignee (D) Insurance Co.

(2) ______ commission is paid on the goods purchased by the consignee himself.

(A) Normal Commission (B) Del-credere

(C) Additional (D) Trade

(3) The consignee has distributed goods as free samples for ₹ 10,000, then _______ account is debited and credited both.

(A) Consignment Account (B) Consignor's Account

(C) Consignee's Account (D) Selling Account

(4) When goods are sent for sales on consignment basis, ______ account is debited in the books of consignor.

(A) Consignment Account (B) Consignee's Account

(C) Selling Account (D) Consignor's Account

(5) When del creders commission is not given and there is bad-debt for credit sales. ________ account is debited in the books of consignee.

(A) Consignor's Account (B) Debtors Account

(C) Commission Account (D) Bad debt Reserve Account

(6) When the bill of exchange drawn by the consignor is accepted by the consignee _______ account will be credited in the books of the consignor.

(A) Consignee's (B) Consignment

(C) Bills payable (D) Bills Receivable

2. (A) From the following Branch Account prepare Branch Trading and Profit & Loss account for the year ended on 31/3/2018. **14**

**Dr.** **Branch Account** **Cr.**

| **Particulars** | | **₹** | **Particulars** | | **₹** |
|---|---|---|---|---|---|
| To Balance b/d : (1/4/2017) | | | By Goods returned by Branch A/c. | | 30,000 |
| Stock | 61,200 | | By cash sales | | 4,11,000 |
| Cash | 3,000 | | By cash (Sundry Income) | | 2,700 |
| Petty Cash | 120 | | By Balance c/d | | |
| Furniture | 9,000 | 73,320 | (31/3/2018) | | |
| To Goods sent to Branch A/c | | 3,60,000 | Stock | 48,000 | |
| To Cash A/c (Petty Cash) | | 210 | Cash | 3,000 | |
| To Cash A/c (Expenses) | | | Petty Cash | 60 | |
| Wages | 600 | | Furniture | 8,250 | 59,310 |
| Salary | 9,000 | | | | |
| Rent | 4,500 | | | | |
| Advertisement | 1,200 | 15,300 | | | |
| To Profit transferred to P & L A/c. | | 54,180 | | | |
| | | **5,03,010** | | | **5,03,010** |

**OR**

(i) Distinguish between Dependent and Independent Branch. **7**

(ii) Write short note on Inter-Branch Transactions. **7**

(B) Select the correct answer from the given options : (Any **four**) **4**

(1) Branch Account is a ________ account.

(A) Personal (B) Real

(C) Nominal (D) None of these

(2) For an independent branch, H.O. A/c is like _______ account.

(A) Capital (B) P & L

(C) Real (D) Nominal

(3) Which of the following account is prepared to find out collection from debtors ?

(A) Debtor's (B) Credit Sales

(C) Cash and Bank (D) Branch

(4) Head office sends goods to its branch at invoice price after adding 25% on cost price. So profit would be _______ of invoice price.

(A) 20% (B) 25%

(C) 30% (D) 50%

(5) From _______ account Branch's miscellaneous expense is paid.

(A) Petty Cash (B) Cash

(C) Bank (D) Creditors

(6) ________ account is to be credited by branch for cash in Transit.

(A) Head Office (B) Cash

(C) Branch (D) Bank

3. (A) On the basis of the following particulars compute the amount of consequential loss claim : **14**

(1) Fire occurred on 1/01/2018

(2) Business was interrupted upto $30^{th}$ April, 2018.

(3) Insurance Policy was of ₹ 80,000.

(4) Indemnity period is six months.

(5) Net profit for the year ended $30^{th}$ September, 2017 (After debiting ₹ 16,000 as standing charges) was ₹ 50,000 while the turnover of that period was ₹ 3,30,000.

(6) Turnover for the year ended $31^{st}$ December, 2017 was ₹ 3,20,000.

(7) Sales during $31^{st}$ December to $30^{th}$ April in the preceding year are ₹ 1,30,000 as against the turnover of ₹ 80,000 during the interrupted period.

**OR**

(i) Opening Stock ₹ 27,000, Purchases ₹ 1,65,000, Sales ₹ 2,40,000, Goods saved ₹ 7,000 and Gross profit is 50% on cost. Calculate the price of goods burnt by fire. **7**

(ii) Write short note on 'Average clause'. **7**

(B) Select the correct answer from the given options : (Any **three**) **3**

(1) Fire insurance provides cover for ________.

(A) Tangible assets (B) Intangible assets

(C) Fictitious assets (D) Employees

(2) The average clause in a loss of profit policy protects the _______.

(A) Insurer (B) Insured

(C) Workers (D) All of these

(3) The average clause in a policy discourages ________.

(A) under insurance (B) over insurance

(C) average insurance (D) None of these

(4) The difference between standard turnover and actual turnover during the indemnity period is ________.

(A) Short Sales (B) Short purchase

(C) Gross Profit (D) Profit

(5) Consequential loss policy indemnifies ______ losses.

(A) Revenue (B) Capital

(C) Budgeted (D) None of these

4. (A) Dev maintains his books by single entry. You are required to prepare his Trading and Profit and loss Account for the year ending 31/3/2018 and Balance-sheet on that date : **14**

Summary of the Cash-Book

| | ₹ | | ₹ |
|---|---|---|---|
| Cash balance (1/4/2017) | 9,600 | Cash purchases | 15,000 |
| Cash Received from debtors | 2,20,000 | Salaries | 27,000 |
| Cash Sales | 18,000 | Wages | 12,500 |
| Sundry receipts | 2,700 | General Expenses | 7,600 |
| Paid to creditors | 1,36,000 | Drawings | 10,000 |

Balance of Assets and liabilities :

| **Particulars** | 1/4/2017 ₹ | 31/3/2018 ₹ |
|---|---|---|
| Building | 36,000 | 50,000 |
| Furniture | 9,000 | 6,000 |
| Machinery | 50,000 | 50,000 |
| Debtors | 64,000 | 56,000 |
| Creditors | 26,000 | 42,000 |
| Stock | 41,000 | 53,000 |

**Additional Informations :**

(1) Discount allowed during the year ₹ 3,200.

(2) Discount received ₹ 1,800.

(3) Sales returns ₹ 800 and purchase returns ₹ 2,000.

(4) Depreciate Building and Furniture by ₹ 3,000 and ₹ 600 respectively.

(5) Maintain bad debts reserve at 5% on debtors.

(6) Allow interest on Capital at 5%.

**OR**

(i) Distinguish between Single Entry and Double Entry. **7**

(ii) From the following information find out cost of sales, Gross profit and Total sales. **7**

| | |
|---|---|
| Opening Stock | ₹ 60,000 |
| Purchases | ₹ 2,20,000 |
| Closing Stock | ₹ 80,000 |

Gross Profit 20% of sales

(B) Select the correct answer from the given options : (Any **three**) **3**

(1) Interest on capital is calculated on _______ capital.

(A) Opening (B) Closing

(C) Weighted Average (D) Average

(2) ______ account is prepared to know cash purchase or cash sale.

(A) Cash (B) Debtors

(C) Creditors (D) Trading

(3) Bad-debt return is to be credited to ______ account.

(A) Profit & Loss A/c (B) Debtors

(C) Creditors (D) Cash

(4) To find out _______ opening statement of affairs is prepared.

(A) opening balance of Capital

(B) profit / loss

(C) cash

(D) assets

(5) To find out closing stock ______ Account is to be prepared.

(A) Trading Account (B) Bills Payable

(C) Bills Receivable (D) Profit & Loss